[C.P.C. Schedule, 1 Appr. D. No.1] Civ.A 37 g.

# અસલ હુકમનામું

ફરિયાદીનું અસલ હુકમનામું
(ઓ.૨૦ કા.–૬–૭), (ફોર્મ નં. ૧ પરિશિષ્ટશેડ્યુલ–૧)

## આણંદના મહે.પાંચમાં અધિક સિવીલ જજ (શ્રી ડી.બી.ગઢવી)સાહેબની કોર્ટમાં, મુ.આણંદ.

**રેગ્યુલર દિવાની મુકદમા નં.૨૫૨/૨૦૨૩**
**આંક – ૪૫**

**વાદી:–** **જશવંતભાઈ સોમાભાઈ મોચી**
ઉં.વ.આ.૬૫, ધંધો : મજુરી,
રહે.બી/૪, શીવનગર સોસાયટી, મોગરી જુના રસ્તા,
મુ.મોગરી, તા.જી.આણંદ

વિરુધ્ધ

**પ્રતિવાદી :–** **નાગેશ્વર જગન્નાથ તરકે**
ઉં.આ.વ.૬૪, ધંધો : નોકરી,
રહે.૩, શીવનગર સોસાયટી, મોગરી જુના રસ્તા,
મુ.મોગરી, તા.જી.આણંદ

---

**વાદીપક્ષ તરફે : વિ.વકીલ શ્રી પી.કે.ગજ્જર**
**પ્રતિવાદીપક્ષ તરફે : વિ.વકીલ શ્રી એમ.ઓ.પંજાબી**

---

**દાવો :– સી.પી.સી. કલમ–૯ તથા સ્પે.રીલીફ એકટની કલમ–૩૪ મુજબ દાવો રૂા.૧૦૦૦/– ના આંકથી**

---

(૧) **વાદીના દાવાની ટુંકમાં એવી હકીકત છે કે,** વાદી તથા પ્રતિવાદી નામ.કોર્ટની હકુમતના મોજે ગામ મોગરી, તા.જી.આણંદના રહીશ છે અને વાદી મહેનત મજુરી કરી તેઓનું તથા તેઓના પરીવારનો જીવન ગુજરાન ચલાવે છે. જયારે આ કામના પ્રતિવાદી ખાનગી કંપનીમાં નોકરી કરી પોતાનું જીવન ગુજરાન ચલાવે છે. વાદી તથા પ્રતિવાદી નામ.કોર્ટની હકુમતમાં આવેલ ગામ-મોગરી, તા.જી.આણંદમાં આવેલ શીવનગર કો.ઓ.હા.સોસાયટીમાં રહે છે. વાદીએ મજકુર સોસાયટીના નિયમો અનુસાર પ્લોટ નં.૪ વાળી જગ્યા સોસાયટીના નિયમોને આધીન (અનુરૂપ) સદર સોસાયટીના બંધારણને ધ્યાનમાં રાખી સોસાયટીના નિયમ મુજબ સોસાયટીની મંજુરી મેળવી સને-૧૯૯૨ માં તા.૨૭/૦૮/૧૯૯૨ ના રોજ પ્લોટ નં.૪ વાળી મિલકત તેના મુળ માલિક સોસાયટીના સભ્ય દિનેશભાઈ છોટાભાઈ પટેલ નાઓ પાસેથી રૂા.૪,૩૫,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પાંત્રીસ હજાર પુરા) માં વેચાણ રાખેલ છે. જે મિલકતનો કબજો સને-૧૯૯૨ થી હોય તેમાં વાદીએ તેઓનું મકાન નં.બી/૪ આવેલ છે જે મકાનના ખૂંટની વિગત નીચે મુજબ છે.

પૂર્વે : સોસાયટીમાં જવા આવવાનો રસ્તો આવેલ છે.

પશ્ચિમે : મકાનની જમીન છોડીને સરકારી રાહદારી રસ્તો આવેલ છે.

ઉત્તરે : તકરારી વાદીના કબજાવાળી જગ્યા મુકી શીવનગર સોસાયટીના મકાન નં.૩ જે પ્રતિવાદીનું મકાન છે.

દક્ષિણે : શીવનગર સોસાયટીના મકાન નં.૫ આવેલ છે.

ઉપરોકત ચાર ખૂંટ વચ્ચેની મિલકત વાદીની માલિકીની આવેલી છે. વાદીના મકાનની માર્જીનની ખુલ્લી જગ્યા તથા ખુલ્લો પ્લોટ આવેલ છે. જેને અડીને ઉત્તરે પ્રતિવાદીનું મકાન આવેલ છે. વાદીના મકાનની ખુલ્લી જગ્યામાં વાદીએ સને-૧૯૯૨ માં મકાન બનાવેલ છે અને વાદીએ વેચાણ રાખેલ જગ્યાની ઉત્તરે આવેલ જગ્યાનો વાદી માલિકી તરીકે ઉપયોગ કરે છે જેમાં તેઓનો જુનો તથા બીન ઉપયોગી સમાન રાખેલ છે જે હકીકત આ કામના પ્રતિવાદી વર્ષોથી જોયેલ છે તથા સારી રીતે જાણે છે તેમ છતાં પ્રતિવાદી વાદીના મકાનના ઉત્તરે અને પ્રતિવાદીના મકાનની દક્ષિણે આવેલ વાદીના વાપર-ઉપભોગવાળી ખુલ્લી જગ્યા

પચાવી પાડવાના બદઈરાદે વાદીને સદર જગ્યાનો વાપર ઉપભોગ કરતા રોકવા માટે જાત જાતના પ્રયત્નો તથા કારસો રચી રહયા છે અને વાદીના મકાનની ઉત્તરે આવે ખુલ્લી જગ્યા જો વાદી તેમના કહેવા મુજબ ખાલી ન કરી આપે તો પ્રતિવાદી સદર જગ્યામાં બળજબરાઈથી પ્રવેશ કરી કબજો લઈ લેવા પ્રયત્નો કરે છે તથા ખોટા પુરાવા ઉભા કરી લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ કરવા તથા પોલીસ મારફતે સદરહું જગ્યા પચાવી પાડવા માટે ધમકીઓ આપે છે. જો પ્રતિવાદી તેમના આ અપકૃત્યમાં ફાવ જાય તો વાદીને નાણાંથી ભરપાઈ ન થાય તેવુ ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. જેથ કરીને વાદીને તેઓના વાપર–ઉપભોગવાળી તેઓના મકાનની ઉત્તરે આવેલ ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર પ્રવેશ કરી મજકુર જગ્યા પડાવી લેવા અટકાવવા હાલનો આ દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોવાનું જણાવી દાદ માંગેલ છે કે,

– મોજ ગામ મોગરી, તા.જી.આણંદમાં આવેલ મોગરીના સ.નં.૧૬૬/૧+૨ ક્ષેત્રફળ ૨.૦૮ ગુંઠાવાળી આવેલ શીવનગર કો.ઓ.હા.સોસાયટીના પ્લોટ નં.બી/૪, જે વાદીની માલિકીનો આવેલ છે જે વાદીએ સને–૧૯૯૨ માં તેના મુળ માલિક દિનેશભાઈ છોટાભાઈ પટેલ પાસેથી રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખ્યું તથા મકાન બનાવ્યું ત્યારથી વાદીના સદરહું મકાનવાળા પ્લોટ નં.બી/૪ તથા મજકુર મકાનની ઉત્તરે આવેલ માર્જીનની ખુલ્લી જગ્યા જેનો પ્રત્યક્ષ કબજો–વાપર ઉપભોગ સને–૧૯૯૨ થી વાદી કરતા આવેલા છે અને હાલમાં પણ કરે છે તે ખુલ્લી જગ્યાના વાદી કબજા આધારે માલિક બની ગયેલ છે તેમ ઠરાવી આપવા તથા જાહેર કરવા તથા મજકુર ખુલ્લી જગ્યામાં આ કામના પ્રતિવાદીનો કોઈ પ્ર કારે લાગભાગ, હકક, હિસ્સો કે ઈલાખો આવેલ નથી તેમ ઠરાવી આપવા થતા વાદીના કબજા ભોગવટામાં આવેલ સદરહું માર્જીનની ખુલ્લી જગ્યામાં હેલો–હરકત કે દખલ અંતરાય થાય તેવં કોઈ કૃત્ય આ કામના પ્રતિવાદી કે તેમના માણસો, નોકરો, એસાઈનીઓ, એજન્ટો મારફતે કરે કરાવે નહીં તેવો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં કાયમી જાથુનો મનાઈ હુકમ અપવાવા તથા નામ.કોર્ટને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદા વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં તથા આ દાવા અરજીનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ કરેલ છે.

**તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ આ દાવો મે. પાચમાં એડીશ્નલ સિવિલ જજ સાહેબશ્રી, આણંદની રૂબરૂ વાદીઓ તરફથી વિ.વ.શ્રી. પી.કે.ગજ્જર અને પ્રતિવાદી તરફે- વિ.વ.શ્રી. એમ.ઓ.પંજાબી ના ઓની હાજરીમાં આંક-૪૪ થી નીચે મુજબનો હુકમ કરેલ છે.**

**:: આખરી હુ ક મ ::**

(૧) વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.

(૨) સદર દાવાના કામે કોઈ વચગાળાની અરજી પેન્ડીંગ હોય, તો તે આ હુકમથી ફેસલ કરવામાં આવે છે.

(૩) દાવાનો ખર્ચ વાદીએ ભોગવવો.

આ ફરિયાદના ખર્ચ માટે રૂપિયા ******** ની રકમ આજની તારીખથીતે વસુલ થયાની તારીખ સુધી દર વર્ષે દર સેકંડે ********** ટકા વ્યાજ સુધ્ધા ***** એ *****ને આપવી.

## **ખર્ચનો આંકડો**

| **વાદીને થયેલ ખર્ચ** | | | **પ્રતિવાદીને થયેલ ખર્ચ** | | |
|---|---|---|---|---|---|
| | **રૂપિયા** | **પૈસા** | | **રૂપિયા** | **પૈસા** |
| ૧. ફરીયાદ અરજીનો સ્ટેમ્પ | ૧૦૦ | ૦૦ | ૧. સામાદાવાના સ્ટાંપ | ૦૦ | ૦૦ |
| ૨. મુખત્યારનામાનો સ્ટાંપ | ૦૨ | ૦૦ | ૨. મુખત્યારનામાનો સ્ટાંપ | ૦૨ | ૦૦ |
| ૩. રજુ કરેલા કાગળોનો સ્ટાંપ કુલ કાગળ આપ્યા પ્રમાણે | | | ૩. રજુ કરેલા કાગળોનો સ્ટાંપ કુલ કાગળ આપ્યા પ્રમાણે | | |
| ૪. સાક્ષીઓની ખોરાકી | | | ૪. સાક્ષીઓની ખોરાકી | | |
| ૫. ફરીયાદમાના દાવા ઉપર પ્લીડર ફી સામાદાવા ઉપર પ્લીડર ફી | ૧૦૦ | | ૫. પ્લીડર ફી પ્લીડર ફી સામાદાવા ઉપર | ૧૦૦ | ૦૦ |
| ૬. પ્રોસેસ બજવણી | | | ૬. પ્રોસેસ બજવણી | | |
| ૭. કમિશન ફી | ૫૦૦૦ | ૦૦ | ૭. કમિશન ફી | | |
| ૮. તરજુમાની ફી | | | ૮. તરજુમાની ફી | | |
| ૯. નકલ ફી | | | ૯. નકલ ફી | | |
| ૧૦. મુલત્વી રાખવા બદલ આપેલ | | | ૧૦. મુલત્વી રાખવા બદલ આપેલ | | |
| ૧૧. વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | | | ૧૧. વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | | |
| **કુલ** | **૫૨૦૨** | **૦૦** | **કુલ** | **૧૦૨** | **૦૦** |
| નહીં અપાયેલ ખર્ચ<br>કોર્ટ ફી રીફંડ ફરીયાદ અરજી ઉપર<br>પ્લીડર ફી<br>પ્રોસેસ ફી<br>રજુ કરેલ કાગળો ઉપર | | | નહીં અપાયેલ ખર્ચ<br>કોર્ટ ફી રીફંડ ફરીયાદ અરજી ઉપર<br>પ્લીડર ફી<br>પ્રોસેસ ફી<br>રજુ કરેલ કાગળો ઉપર | | |
| બાકી | | | બાકી | | |

**આજ તારીખ– ૩૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.**

(ડી.બી.ગઢવી)

તૈયાર કરનાર ચકાસી જોનાર પાચમાં એડીશ્નલ સિવિલ જજ, આણંદ

**(આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલ દસ્તાવેજો માહેથી અપીલના નિકાલ થયા પછી કોઈપણ દસ્તાવેજ લઈ જવામાં નહીં આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર થશે.)**